# <u>પ્રેસ નોટ</u>

સુરત સ્માર્ટ સીટી અંતર્ગત સીટીઝન એન્ગેજમેન્ટના ભાગરૂપે શહેરના નાગરિકોને સ્માર્ટ સીટી અમલીકરણની પ્રક્રિયામાં લોકભાગીદારીથી સામેલ કરવાના હેતુથી **"Make my Surat City Smart (Round-2)"** અંગેની ત્રણ contests (1) Street - Visual Improvement Design Contest, (2) Junction - Visual Improvement Design Contest અને (3) Park - Visual Improvement Design contest અન્વયે ભારત સરકારની વેબસાઈટ www.mygov.in તથા સુરત સ્માર્ટ સીટીની વેબસાઈટ www.suratsmartcity.com પર રાખવામાં આવેલ હતી. સ્પર્ધામાં ભાગ લેવા માટેની અંતિમ તારીખ ૦૪ ડિસેમ્બર, ૨૦૧૬ રાખવામાં આવેલ હતી.

સુરત ખાતે સદર બન્ને સ્પર્ધાના Existing Situation report બનાવવા માટે ભારત સરકારના MoUD તરફથી Crack team ની મુલાકાત તા.૧૮–૦૭–૨૦૧૬ થી તા.૨૨–૦૭–૨૦૧૬ દરમ્યાન કરવામાં આવેલ હતી. જે દરમ્યાન સ્માર્ટ સીટીના એરીયા બેઈઝડ ડેવલપમેન્ટ (ABD) વિસ્તાર હેઠળની ૭ ટી.પી.સ્કીમ પૈકીના બન્ને ઝોન એટલે કે વરાછા તથા લિંબાયત ઝોનના વિસ્તારમાંથી સંકલનમાં MoUD ની Crack teamના સહયોગથી સ્પર્ધા નં. ૧ સ્ટ્રીટ માટે જયવીર સોસાયટીથી પરવત પાટીયા જંકશન સુધીના રોડની પસંદગી, સ્પર્ધા નં. ૨ જંકશન માટે કિન્નરી સીનેમાથી ભાઠેના ખાડી વચ્ચે આવેલ રોડ તેમજ પરવત પાટીયા કેનાલ રોડ જે ઈન્ટરસેકશન પર મળે તે બીઆરટીએસ જંકશનની પસંદગી તથા સ્પર્ધા નં. ૩ પાર્ક માટે ટી.પી. સ્કીમ નં.૮(ઉમરવાડા), ફા.પ્લોટ નં.૨૨(ગાર્ડન) ખાતે આવેલ વીર શહિદ ભગતસિંહ ગાર્ડન, ત્રિકમનગરની પાછળના ભાગમાં આવેલ પાર્કની પસંદગી કરવાના આવેલ હતી. સ્પર્ધા માટેMoUDની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલ Existing Situation report ની લીન્ક www.mygov.in વેબસાઈટ તથા સુરત સ્માર્ટ સીટીની વેબસાઈટ www.suratsmartcity.com પર રાખવામાં આવેલ હતી.

સ્પર્ધામાં ભાગ લેવા માટે www.mygov.in તરફથી Terms & Conditions સુચવવામાં આવેલ હતાં. જે મુજબ સુરત શહેરના કોઈપણ નાગરિક mygov પોર્ટલ પર રજીસ્ટર કરાવીને સ્પર્ધામાં નિયમોનુસાર જણાવ્યા મુજબ પ્રેઝન્ટેશન ફોર્મેટમાં પોતાની એન્ટ્રી સબમીટ કરવાની સ્પર્ધાની અંતિમ તારીખ ૦૪ ડિસેમ્બર, ૨૦૧૬ હતી.

સ્પર્ધાના Terms & Conditions અન્વયે "સીલેકશન પ્રોસેસ" માં જણાવ્યા મુજબ આવેલ તમામ સબમીશન એન્ટ્રીનું શોર્ટલીસ્ટીંગ કર્યા બાદ તેટલી સબમીશન એન્ટ્રી ચેરમેન સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.ની તા. ૨૬–૧૦–૨૦૧૬ ની મંજુરીથી જયુરી પેનલના સભ્યો દ્વારા તા.૦૨–૦૨–૨૦૧૭ ના રોજ સવારે ૯:૩૦ કલાકે જયુરી પેનલના સભ્યોની મીટીંગનું આયોજન સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.ની ઉધના ઝોનમાં આવેલ ઓફિસ ખાતે કરવામાં આવ્યું હતું. જયુરી પેનલના હાજર રહેલ સભ્યો દ્વારા સ્માર્ટ સીટી કોન્ટેસ્ટ હેઠળ શોર્ટ લીસ્ટેડ થયેલ દરેક સ્પર્ધકોને તેઓ દ્વારા કુલ ૧૦૦ માંથી માર્કસ આપવામાં આવેલ.

જયુરી પેનલ દ્વારા આપવામાં આવેલ ગુણના આધારે Make my Surat City Smart (Round-૨) હેઠળ સ્પર્ધા નં. ૧ માં સરેરાશ મેળવેલ ગુણ મુજબ પ્રથમ ક્રમાંકે શ્રી રાજન રાઠોડ, દ્વિતીય ક્રમાંકે શ્રી મિરઝા બિસ્મીલબેગ તથા તૃતીય ક્રમાંકે શ્રી અંકિતા રૂદાણીને વિજેતા ઘોષિત કરવામાં આવેલ છે, Make my Surat City Smart (Round-૨) હેઠળ સ્પર્ધા નં. ૨ માં સરેરાશ મેળવેલ ગુણ મુજબ પ્રથમ ક્રમાંકે શ્રી હિતેષ સોલંકી, દ્વિતીય

ક્રમાંકે શ્રી  વિશાલ પારેખ તથા તૃતીય ક્રમાંકે શ્રી રૂતા પારેખને વિજેતા ઘોષિત કરવામાં આવેલ છે તથા Make my Surat City Smart (Round-૨) હેઠળ સ્પર્ધા નં. ૩ માં સરેરાશ મેળવેલ ગુણ મુજબ પ્રથમ ક્રમાંકે શ્રી વિશાલ પારેખ, દ્વિતીય ક્રમાંકે શ્રી  પ્રકૃતિ દેસાઈ તથા તૃતીય ક્રમાંકે શ્રી મુકુંદ દલાલને વિજેતા ઘોષિત કરવામાં આવેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબ બન્ને સ્પર્ધાના ઘોષિત ત્રણ વિજેતાઓને સ્પર્ધાના નિયમો મુજબ પ્રથમ વિજેતાને રૂ.૫૦,૦૦૦, દ્વિતીય વિજેતાને રૂ.૩૦,૦૦૦ તથા તૃતીય વિજેતાને રૂ. ૨૦,૦૦૦ ઈનામ તરીકે સુરત મહાનગરપાલિકા તરફથી સ્માર્ટ સીટી યોજના અન્વયે આપી બિરદાવવાના છે તેમજ આ વિજેતાઓ દ્વારા સબમીશન એન્ટ્રીમાં સુચવવામાં આવેલ ઉપયોગી સુચનોને સદર વિસ્તારની સ્માર્ટ સીટી અન્વયેથી કરવાજોગ કામગીરીમાં સમાવેશ કરવામાં આવશે.